**100% ગુણવત્તાયુક્ત શિક્ષણ**




સનરાઇઝ ગ્રુપ ઓફ સ્કૂલ્સ

# સનરાઈઝ વિદ્યાલય

પૂર્વ-પ્રાથમિક | પ્રાથમિક | માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક

SUNRISE VIDYALAYA
॥ सा विद्या या विमुक्तये ॥
GODADARA-SURAT

# પ્રવેશકાર્ય શરૂ

ગુજરાતી માધ્યમ

અંગ્રેજી માધ્યમ

**લક્ષ્મીનારાયણ નગર સોસાયટી, જોગણી માતાજી મંદિરની સામે, ૧૫૦ ફૂટ રોડ, ગોડાદરા, સુરત.**

**98790 76666 / 98249 44418**

visit us on : **www.sunrisegroupofschools.org**

## સંચાલકશ્રી ની કલમે...



**શ્રી સંજયભાઈ બલદાણીયા**
**M.D. - Sunrise Group (98241 45453)**

સનરાઈઝ વિદ્યાલયમાં આપનું સ્વાગત છે. રાજ્યના વિકાસ માટે ગુણવત્તાયુકત શિક્ષણ, આયોજનબદ્ધ પદ્ધતિસરનો પુરૂષાર્થ અને જનતાને સુખ-શાંતિ મળે તેવું સુશાસન અનિવાર્ય છે. આ ત્રણેયનો સમન્વય થાય તો જ શિક્ષણ પરીક્ષણના ક્ષેત્રે ગુણાત્મક સુધારા થાય અને તે પ્રમાણે ધાર્યા સુંદર પરિણામ મેળવી શકાય.

રાજ્યમાં પ્રારંભિક શિક્ષણથી જ બાળકોમાં વિવિધ મૂલ્યોના અભિસ્થાપન, સ્વચ્છતા અને સફાઈના ગુણો કેળવવાના અભિયાનની સાથે ૨૧મી સદીના આધુનિક જ્ઞાનને અનુરૂપ સમકક્ષ શિક્ષણ મળી રહે તે માટે સ્માર્ટ સ્કૂલ - સ્માર્ટ કલાસનો અભિગમ આપણી સનરાઈઝ વિદ્યાલયમાં અપનાવવામાં આવ્યો છે. જેથી વિદ્યાર્થીઓને ટેક્નોલોજીના માધ્યમથી વ્યકિતગત અને વ્યવહારિક કુશળતા વિકસાવવા પૂરતી તકો મળે. અમે માનીએ છીએ કે બાળકના શૈક્ષણિક વિકાસમાં માતા-પિતાની ભૂમિકા પણ નિર્ણાયક છે, તેથી અમે માતા-પિતા તથા શિક્ષકો અને મેનેજમેન્ટ પેનલ વચ્ચે સતત સંચાર સ્થાપિત કરવાનો પ્રયત્ન કરીએ છીએ. જેથી શિક્ષણની ગુણવત્તા સુધારી શકાય.

સ્થાપના બાદ દરેક વર્ષાન્તે સંસ્થાને નવી ઊંચાઈ પર પહોંચાડવા માટે હું વિદ્યાર્થીઓની મહેનતને, વાલીઓના વિશ્વાસને અને ‘સનરાઈઝ પરિવાર’ના દરેક સભ્યના માર્ગદર્શનને બિરદાવું છું અને હાર્દિક અભિનંદન પાઠવું છું.

## શાખા પ્રબંધકશ્રી ની કલમે...




**શ્રી આશિષભાઈ બલદાણીયા**
**Branch Head (98249 44416)**

શિક્ષણનો મુખ્ય હેતુ 'To produce a good person' છે. શિક્ષણ એ શારીરિક, માનસિક અને બૌદ્ધિક વિકાસ કરે એવી પ્રવૃત્તિઓ, જે બાળકના સંસ્કાર ઘડતર, ચારિત્ર્ય ચણતર અને વ્યકિતવિકાસની સતત ચાલતી પ્રક્રિયા છે. બાળકોમાં રહેલી સુષુપ્ત શકિતઓ, વિવિધ પ્રકારની કળાઓમાં નૃત્યો, ચિત્ર, સંગીત અને વકતૃત્વ જેવી કળાઓ ઉજાગર કરવાનું કામ મેનેજમેન્ટ અને સ્ટાફ સતત કરે છે, તેમજ જે વ્યકિત ઉચ્ચ ગુણાંક, ઊંચી ડીગ્રી કે શ્રેષ્ઠ હોવાનું પ્રમાણપત્ર કે એવા એવોર્ડ મેળવે પરંતુ જો તે મૂલ્યનિષ્ઠ, પ્રામાણિક, કર્તવ્યનિષ્ઠ, રાષ્ટ્રભકત ન હોય તો હાંસલ કરેલ પ્રગતિ કે સિદ્ધિનો કોઈ અર્થ નથી. માટે સનરાઈઝ વિદ્યાલય ‘ક્ષણ ક્ષણ શીખવે તે ખરી કેળવણી’ તેમાં માને છે અને બાળક હંમેશા આદર્શ નાગરિક બનીને રાષ્ટ્ર સેવા કરે એ જ સનરાઈઝ વિદ્યાલય તરફથી આપને શુભેચ્છા...

# આચાર્યશ્રી ની કલમે...

## આચાર્યશ્રી - બાલભવન અને પ્રાથમિક વિભાગ (ગુજરાતી માધ્યમ)



**શ્રીમતી રેખાબેન દેસાઈ**
**Principal - Gujarati Medium (98249 44439)**

જ્ઞાન એ આજની સંસ્કૃતિનું પ્રાબલ્ય છે. આધુનિક શિક્ષણ અને ટેક્નોલોજીમાં ઉત્કર્ષ એ આજના યુગની જરૂરિયાત છે. મૂલ્યવાન શિક્ષણ અને કેળવણી એ **'સનરાઈઝ વિદ્યાલય'** નું ધ્યેય છે. સફળતાની ઊંચાઈઓ સર કરી બાળકની મહત્વકાંક્ષા અને કારકિર્દીને પ્રોત્સાહન આપવાનું અમૂલ્ય કાર્ય શાળા કરી રહી છે. સંસ્થા ગુણવત્તાયુકત શિક્ષણ પ્રદાન કરે છે. જયારે વર્ગને સ્વર્ગ બનાવવું હોય, નિશાળને વિશાળ બનાવવી હોય, વિદ્યાર્થીને શાળાના ઉમરાથી અંબર સુધી લઈ જવા હોય તો બાળકોમાં શિસ્ત, સંસ્કાર અને શિક્ષણ જરૂરી છે અને તે બધું અર્પે છે **'સનરાઈઝ વિદ્યાલય'**.

સંસ્થામાં અમારી પાસે ઉચ્ચ ગુણવત્તાવાળા, અનુભવી અને સમર્પિત શિક્ષકો, યોગ્ય ઈન્ફ્રાસ્ટ્રકચર અને ઉમદા વાતાવરણ છે. જે વિદ્યાર્થીઓને વર્તમાન સમયની માંગ પૂરી કરવા સક્ષમ બને છે. સ્પર્ધાત્મક ક્ષમતા વધારવા ઉપરાંત માનસિક સંતુલન તેમજ ચારિત્ર્ય ઘડતરના ગુણો કેળવાય એ જ અમારો ધ્યેય છે. વિદ્યાર્થીઓ ખરું 'Art of living' પ્રાપ્ત કરે એ જ અમારી સંસ્થાની સાચી સફળતા છે.

**'Good teachers make good students'**

શ્રેષ્ઠ શિક્ષકોનું Team work અને સંચાલકોના Ideal Management થી સજ્જ 'સનરાઈઝ વિદ્યાલય' 'ભારતવર્ષ અને ગુણવંતી ગુજરાતના' ઉત્તમ ભવિષ્યના નાગરીકો ઘડવા માટે તૈયાર છે. જેના માટે સનરાઈઝ વિદ્યાલય હંમેશા કટિબદ્ધ છે, તે ધ્યાને રાખી આપે સનરાઈઝ વિદ્યાલયની પસંદગી કરી, તે બદલ શુભેચ્છા...

## આચાર્યશ્રી - બાલભવન અને પ્રાથમિક વિભાગ (અંગ્રેજી માધ્યમ)



**શ્રીમતી મેનામેમ શર્મા**
**Principal - English Medium (98249 44457)**

જે અભ્યાસથી આપણી ઈચ્છાશકિતનો પ્રવાહ અને અભિવ્યકિત નિયંત્રણ હેઠળ લાવી શકાય તથા ફળદાયી બનાવી શકાય તે છે કેળવણી. વર્ગશિક્ષક કે અધ્યાપનકાર્ય દ્વારા બાળકોમાં વાંચન, લેખન, શ્રવણ અને કથન જેવા કૌશલ્યો તેમજ જરૂરી જ્ઞાન સાથેની માહિતી, તર્ક, સમાજ, વિવેક અને સર્જનાત્મક શકિતઓ ખીલે છે. વાંચેલી કે શીખેલી બાબતોનું તે સરળતાથી અર્થગ્રહણ કરે છે. કેળવણી દ્વારા વિવિધ મૂલ્યો અને સદ્‌ગુણોનું સિંચન થતું રહે છે. અભ્યાસ સાથે ઈત્તર પ્રવૃત્તિઓથી બાળકોની અંદર રહેલી શકિત ઉજાગર થતી જાય છે. જે માટે સનરાઈઝ વિદ્યાલય સદાય તત્પર છે.

## આચાર્યશ્રી - માધ્યમિક અને ઉચ્ચ.માધ્યમિક વિભાગ (અંગ્રેજી માધ્યમ)



**શ્રી ડોનાલ્ડ ચક્રપાણી**
**Principal - English Medium (98249 44437)**

**"Ethics and Values should have a prominent place in life."**

શાળામાં શીખવતા શિક્ષક મિત્રો પ્રાથમિક કક્ષાથી જ બાળકને વિષય વસ્તુ શીખવતા મૂલ્યોનું શિક્ષણ આપે છે. બાળકના ઘડતરમાં માતા-પિતાનો ફાળો સવિશેષ છે તે આપણે જાણીએ અને અનુભવીએ છીએ. માનસશાસ્ત્રીઓએ અને વિજ્ઞાને સાચું જ કહ્યું છે : પ્રથમ પાંચ વર્ષ માટે બાળકને તમારા જીવનના ઉત્તમ મૂલ્યો શીખવો પછીના વર્ષોમાં ક્યારેય ચિંતા નહીં કરવી પડે. શિક્ષણ વડે બાળકના ચારિત્ર્યનું ઘડતર થાય છે ત્યારે તે વિશ્વમાનવી બને છે. શિક્ષણનો અંતિમ ધ્યેય બાળકને શીખવવાનું નહીં પરંતુ વિનમ્રતા છે. વિશેષ ડિગ્રીઓ મેળવ્યા પછી પણ જો વ્યકિતની વર્તણૂંકમાં કોઈ ફેર ન પડે એટલે કે તે વિનમ્ર ન બને તો મેળવેલું તમામ શિક્ષણ નિરર્થક છે.

## ઉપાચાર્યશ્રી ની કલમે...



**શ્રીમતી બીનાબેન આહીર**
**Vice-Principal (Gujarati Medium) (95581 17833)**

જે કેળવણી જીવનના સંઘર્ષ સામે ઝઝૂમવાની તાકાત આપતી નથી, જે ચારિત્ર્યબળને ખીલવતી નથી, જે પરોપકાર કરવાની ઉદારતા અને સિંહ સમાન હિમ્મત આપતી નથી, તે શું કેળવણીના નામને લાયક છે ? સાચી કેળવણી તો તે છે કે જે માનવીને પોતાના પગ ઉપર ઊભા રહેતા શીખવે છે.

બાળકમાં બધું જ અંદર પડેલું છે તેને ઉજાગર કરવાની પ્રક્રિયા એટલે **'કેળવણી'**

બાળક આમ સહજ રીતે "ભણે અને શીખે" ત્યારે ભણવાની ગમે તેવી જટીલ પ્રક્રિયા સરળ બની જાય છે. આમ શાળા તરફથી મળતી આત્મીયતા, હૃદયભાવ અને સરળ પદ્ધતિ બાળકનું જીવન ઘડતર કરે છે તે જ ખરી કેળવણી છે.

આદર્શ અને નિશ્ચિત લક્ષ્યની ભાવનાથી ઓતપ્રોત હોય, એ આદર્શ પ્રાપ્તિ માટે જીવન સમર્પણ કરવાની તૈયારી હોય એવા યુવાનોની આજે દેશને જરૂર છે. જે સાચી કેળવણીથી શકય થઈ શકે છે. જે માટે આપણા બાળકની યોગ્ય તાલીમ માટે 'સનરાઈઝ વિદ્યાલય' સદા તત્પર રહેશે.

## સહ-સંયોજકશ્રી ની કલમે...



**શ્રી મુકેશભાઈ જીંજાળા**
**Co-ordinator-Gujarati Medium (99254 95953)**

**"The end of all education is humility."**

કોઈ પણ વિષય શાળા કક્ષાએ શીખવતાની સાથે બાળક નૈતિક મૂલ્યોનું શિક્ષણ મેળવે છે. આજે પ્રત્યેક જગ્યાએ આપણે ચર્ચા સાંભળીએ છીએ કે "નૈતિક મૂલ્યોનું ધોવાણ થઈ રહ્યું છે, જેથી નૈતિક મૂલ્યોનો ઘટાડો થયો છે." પરંતુ મિત્રો મૂલ્યોનો ઘટાડો થયો નથી, પરંતુ મૂલ્યને મૂલવવાની આપણી દ્રષ્ટિ બદલાઈ છે. સમયની સાથે યુગ પરિવર્તિત થાય છે. કારણ કે, સૃષ્ટિમાં કાયમી બાબત હોય તો તે એક માત્ર પરિવર્તન છે અને અમે બાળકના જીવન ઘડતરમાં સતત પરિવર્તન લાવવા માંગીએ છીએ. જે બદલ આપનો સાથ સહકાર અનિવાર્ય છે, તેવી શુભેચ્છા...

## ઈન્ચાર્જશ્રી ની કલમે...



**શ્રીમતી મમતાસિંઘ મેમ**
**Incharge (English Medium) (98249 44453)**

બાળક માત્ર અક્ષર જ્ઞાન પામે ત્યારે 'યંત્ર' બને છે. પરંતુ કેળવણી સાથે શિક્ષણ પામે તે બાળક 'ઉત્તમ માણસ' બને છે અને તે એક ઉત્તમ નાગરીક પણ બને છે. આમ જ સારા રાષ્ટ્રનું નિર્માણ શકય બને છે. આ માણસ બનાવવાની પ્રક્રિયા એટલે બાળકનું જીવન ઘડતર...

બાળક હંમેશા હૃદયથી જીવતું હોય છે. તેથી હૃદયની વાતોથી શિક્ષણ તત્કાલીન ગ્રહણ કરે છે. આમ શિક્ષણ આપવાની પ્રક્રિયા એ હૃદય અને આત્મીયભાવથી થવી જોઈએ.

સારું શિક્ષણ મેળવવું જીવનમાં ઉતારી તે મુજબ જીવવું તે દરેક વ્યકિતમાં વ્યવસાયની શ્રેષ્ઠતા તો લાવે જ, સાથે ઉત્તમ જીવન કેવી રીતે જીવાય તે પણ શીખવે છે. તેવા અભિગમથી 'સનરાઈઝ વિદ્યાલય' ની સ્થાપના કરવામાં આવી છે. મને વિશ્વાસ છે કે, બાળકની આંતરીક શકિતઓને ઉજાગર કરી બાહ્ય શકિતઓ દ્વારા એક શ્રેષ્ઠ નાગરિકનું ઘડતર થશે જ. આમ આવા નાગરીક રાષ્ટ્રધર્મ અપનાવી, જગતને સુખમય, આનંદમય અને ઊર્જામય બનાવશે તેવી શુભેચ્છા...

## અમારો ઉદ્દેશ્ય

સનરાઈઝ વિદ્યાલયના શૈક્ષણિક કર્તવ્યોમાં વિદ્યાર્થીઓની માનસિક યોગ્યતાનો વિકાસ, સંતુલિત મસ્તિષ્કની કેળવણી, સંસ્કૃતિનું સંરક્ષણ અને તે માટેનું હસ્તાંતરણ, આર્થિક કૌશલ્ય, નાગરીકતાનો વિકાસ અને ચારિત્ર્ય વિકાસને અગ્રતા, શારીરિક વિકાસ, સામાજિક ભાવનાનો વિકાસ અને રાષ્ટ્રીય ગૌરવ તથા દેશ ભકિતની ભાવનાનું શિક્ષણ કેન્દ્ર સ્થાને રહે. સમગ્રતયા ઉમદા શિક્ષણ થકી વિદ્યાર્થી વિકાસના સૂચકાંકને ઊંચો લઈ જવો એ જ અમારો પવિત્ર ઉદ્દેશ્ય છે.

## અમારી શાળાનો દ્રષ્ટિકોણ

સનરાઈઝ વિદ્યાલયમાં, અમે શૈક્ષણિક અનુભવની અનિવાર્યતા પર સતત વિચાર કરીએ છીએ, જે દરેક વિદ્યાર્થીને વિશ્વ-કક્ષાનો બનાવી તેમને વૈશ્વિક નાગરીકતા માટે તૈયાર કરે. અમારી શાળા ભારતીય પરંપરા અને સંસ્કૃતિ સાથેની શાળા છે. સનરાઈઝ વિદ્યાલય શ્રેષ્ઠતાની સંસ્કૃતિ અને મૂલ્યોનું મૂર્ત સ્વરૂપ છે. અમે માનીએ છીએ કે વિદ્યાર્થીઓને ૨૧મી સદીની યોગ્યતાઓ સાથે સજ્જ કરીને શિક્ષણમાં પરિવર્તન લાવી તેમને ભાવિ સફળતા અપાવી શકીએ.










## અમારો હેતુ

"રાષ્ટ્ર અને શિક્ષણના ઉજ્જવળ ભવિષ્ય માટે, વ્યક્તિને અંતરની શ્રેષ્ઠતા અને ઉચ્ચ કોટિની વિચારસરણી તરફ લઈ જવી."

બાળકોનું આ ૨૧મી સદીની અનુરૂપ વૈશ્વિક પરિવર્તનોને તાલે અને ભારતીય સંસ્કૃતિ અનુરૂપ સર્વાંગી વ્યકિતત્વનું ઘડતર કરવું. બાળકોને બૌદ્ધિક રીતે યોગ્ય માર્ગદર્શન આપી તેમનું ઉજ્જવળ ભવિષ્ય ઘડી, એક ઉત્તમ નાગરિકનું ઘડતર કરી રાષ્ટ્રસેવામાં યોગદાન આપવું.





## અમારું ધ્યેય

- ગુણવત્તા સભર શિક્ષણની આદાન-પ્રદાન સવલતો પૂરી પાડવી.
- વિદ્યાર્થીઓ સામાજિક માળખાને અનુરૂપ સુસંવાદિતા અને અન્યો સાથે હળીમળી, સહકારિતા સાધી શકે. એ રીતે આત્મકેન્દ્રીપણાને બદલે પરલક્ષીપણું આવે અને સામાજિક કૌશલ્ય ખીલી સમાજસેવા માટે તત્પર બને તેવી પ્રેરણા પૂરી પાડવી.
- વિદ્યાર્થીઓ સ્વાતંત્ર્ય અને લોકશાહીના મૂલ્યોનું જતન કરે તે માટેના પ્રયાસો કરવા.
- વિદ્યાર્થીઓના શ્રમનું ગૌરવ જળવાય અને પ્રાથમિક શ્રમ પ્રત્યે અભિમુખતા કેળવાય તેવા પ્રયત્નો કરવા.
- વિદ્યાર્થીઓનું સતત અધ્યયનનું સાતત્ય જળવાય તે માટે મદદરૂપ થવું.
- વિદ્યાર્થીઓમાં સતત ચિંતનની પળો કેળવવી.
- વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ કેળવાય તે માટેના પ્રયત્નો કરવા.
- શરીર સૌષ્ઠવ, શિસ્ત અને ખેલદિલી જેવા ગુણો વિકસે તે માટે રમત-ગમત સ્પર્ધાઓનું આયોજન કરી, તે માટે પ્રોત્સાહિત કરવા.
- જીવન પ્રત્યે જવાબદારી ભર્યું વર્તન વિકસાવવા માટે વિદ્યાર્થીને મદદરૂપ થવું.
- શિક્ષણના વર્તમાન માળખાને અનુરૂપ વિદ્યાર્થીઓ ઉત્કૃષ્ટ દેખાવ કરે અને ઉજ્જવળ કારકિર્દી બનાવે તેવા પ્રયાસો કરવા.
- સ્પર્ધા અને ટકાવારીની જગ્યાએ બાળકને માનવતાલક્ષી અને જીવન ઉપયોગી શિક્ષણ પુરું પાડવામાં આવે છે.
- શાળાનું ધ્યેય એક એવું શિક્ષણ માટેનું વાતાવરણ પુરું પાડવાનું છે જે બાળકોને પોતાનામાં શ્રેષ્ઠતા લાવવા માટે પ્રોત્સાહિત કરે અને તેમના સર્વાંગી વિકાસની સાથે શિક્ષણમાં આનંદથી નૈતિકમૂલ્યોનું સિંચન થાય.
- સત્યનિષ્ઠા, સંઘભાવના, શિષ્ટાચાર અને સ્વચ્છતા જેવા ગુણો વિકસે તેવા કાર્યક્રમો યોજવા. શિસ્ત, સમયપાલન અને પ્રામાણિકતા જેવા પાયાના ગુણો વિકસાવવા પ્રયત્નશીલ રહેવું. દેશભકિત, લોકસેવા અને ઉત્સવ ઉજવણીનાં આયોજનો દ્વારા વિદ્યાર્થીઓનું ઘડતર કરવું.

## અમારા મૂલ્યો

દરેક શાળાની સંસ્કૃતિની એક આગવી છાપ હોય છે, જે વિદ્યાર્થીના સંસ્કાર ઘડતરમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. અમારા મૂલ્યો અને લક્ષણો અમારા શૈક્ષણિક શિક્ષણને સાકાર કરવા માટે શાળા સંસ્કૃતિ અને ધ્યેય સિદ્ધ માટેનું અભિન્ન અંગ છે.

- **સ્વચ્છતા**
- **સ્વયં-શિસ્ત**
- **દ્રઢતા**
- **કરૂણા**
- **ખંત**
- **પ્રામાણિકતા**
- **આદર**
- **એકતા**
- **પ્રતિબદ્ધતા**
- **અખંડિતતા**
- **જવાબદારી**
- **વિશ્વાસ**





## અમે અમારી જાતને પ્રતિબદ્ધ કરીએ છીએ...

સનરાઈઝ વિદ્યાલય, અમારી તમામ શાખાઓ સહિત અમારો દ્રષ્ટિકોણ, મિશન અને મૂલ્યોના નિવેદનો પર કાર્ય કરવા માટે પ્રતિબદ્ધ છે. આ નવા નિવેદનો શિક્ષણની સાથે કેળવણી પર ભાર મૂકે છે અને આજે આપણે જે નવીન સંસ્થા પર કેન્દ્રિત છીએ તેના ભાવિને પ્રતિબિંબિત કરશે.

## અમે માનીએ છીએ...

ભારતનું શિક્ષણ અને શિક્ષણ પ્રણાલી રાષ્ટ્રભકિત અને ચારિત્ર્ય નિર્માણ પર ભાર મૂકે છે. શિક્ષણ એ આપણે સમાજ થકી રાષ્ટ્રને જે આપીએ છીએ તેનો પાયો છે. તે માટે અખંડિતતા અને ન્યાયીપણું વિદ્યાર્થીઓની વૃદ્ધિ માટેના મુખ્ય આધારસ્તંભ છે. વિશ્વાસ, અનુકૂલન ક્ષમતા અને સ્થિતિસ્થાપકતા ધરાવનાર વિદ્યાર્થીઓ સફળતા મેળવે છે.

## સનરાઈઝ વિદ્યાલય શા માટે પસંદ કરશો ?

સનરાઈઝ વિદ્યાલયે ગુણવત્તા માટે સારી પ્રતિષ્ઠા હાંસલ કરી છે. તે શિક્ષણ અને તેના પરિણામો પર ધ્યાન કેન્દ્રિત કરે છે - 'ચોક્કસ જ્ઞાનના સંપાદન પર ભાર મૂકવાના' વિરોધમાં - બાળકને કોઈ પણ ઉંમરે શું જાણવું જોઈએ ? અને તે કરવા સક્ષમ હોવું જોઈએ તેના પર ભાર મૂકે છે.

દરેક બાળકમાં અનન્ય શકિત છે અને તે મહત્વપૂર્ણ છે એવી ધારણા, સકારાત્મક સંબંધો વિકસાવવા પર ભાર, (શિક્ષકો, માતા-પિતા અને સાથીદારો સાથે) અને પર્યાવરણને સક્ષમ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું, વિકાસની સાથે-સાથે શીખવું અને શિક્ષણના એક પાસા તરીકે પરિણામોને જોવું.

સનરાઈઝ વિદ્યાલયનું શિક્ષણ તમામ સ્તરે વિદ્યાર્થીઓના સંપૂર્ણ વિકાસ પર ભાર મૂકે છે કારણ કે વર્ગખંડમાં સર્જનાત્મકતા અને વ્યકિતત્વ માટે ઘણો અવકાશ છે.

સનરાઈઝ વિદ્યાલયની પસંદગી કરવાથી વિદ્યાર્થીઓને વધુ સારુ શિક્ષણ અને કેળવણીનો લાભ મળે છે, અભ્યાસક્રમનું માળખું અને સુસંગતતા વિદ્યાર્થીઓને વિવિધ શહેરો અને રાજયોની શાળાઓ વચ્ચે સરળતાથી ફરવા દે છે.

સનરાઈઝ વિદ્યાલય ખાતે, અમે એક સંવર્ધન, અનુકરણ અને બાળ-કેન્દ્રિત શિક્ષણ વાતાવરણ પ્રદાન કરીએ છીએ. અમે ખાતરી આપવા માંગીએ છીએ કે સનરાઈઝ વિદ્યાલયમાં ભણતા બાળકો પોતાનામાં અન્ય લોકો સાથે અને તેમના કાર્યમાં આત્મવિશ્વાસ ધરાવે છે અને નવા વાતાવરણમાં પ્રતિબદ્ધતા માટે તૈયાર થાય છે. અમે શીખવાનો અભિગમ કેળવીએ છીએ જે તેમને સતત બદલાતી દુનિયા માટેના પડકારો માટે તૈયાર કરશે.



## સનરાઈઝ વિદ્યાલયને ખરેખર વિશિષ્ટ બનાવે છે.

- શિક્ષણની સાથે-સાથે ભારતીય સંસ્કૃતિના તહેવારોની ઉજવણી કરીએ છીએ, જેથી બિનસંપ્રદાયિકતાના ગુણો બાળકમાં સંચિત કરી શકાય છે.
- બાળકોને તેમની શીખવાની વિવિધ જરૂરિયાતો પૂરી કરવા માટે વ્યક્તિગત ધ્યાન.
- ભાષાકીય અને સાંસ્કૃતિક વિવિધતા ધરાવતા પ્રતિભાશાળી, અનુભવી અને સમર્પિત શિક્ષકો.
- સમાવેશક શિક્ષક, વ્યાવસાયિકો માટે વિદ્યાર્થી સંભાળની પ્રતિબદ્ધ ટીમ સાથેનું કાર્ય.
- નર્સરી થી ધોરણ ૮ સુધીનો એક સંકલિત અભ્યાસક્રમનો ઉપયોગ કરે છે, જે શ્રેષ્ઠ રાષ્ટ્રીય અભ્યાસક્રમ પર આધારિત છે.
- ઉત્કૃષ્ટ શૈક્ષણિક પરિણામો અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ...
- ટોચની પરીક્ષાઓમાં (નવોદય, PSE) અમારા વિદ્યાર્થીઓને સ્થાન.
- ભારતીય સંસ્કૃતિ અને નૈતિક મૂલ્યોનું સમર્થન કરે છે, જયારે વૈશ્વિક નાગરિકતાને પ્રોત્સાહન આપે છે.
- વિદ્યાર્થીની ઈચ્છાશકિત પર ધ્યાન કેન્દ્રિત કરીને સુરક્ષિત શિક્ષણ વાતાવરણમાં સંસ્કારોનું સિંચન કરે છે.
- ઉચ્ચ-બૌદ્ધિક ક્ષમતાવાળા વિદ્યાર્થીઓને નેતૃત્વની તકો જેમાં જીવનના તમામ ક્ષેત્રોના નેતાઓ, સંશોધકો અને પ્રતિષ્ઠિત વ્યકિતત્વનો સમાવેશ થાય છે.
















## સનરાઈઝ વિદ્યાલય અભ્યાસક્રમ મોડેલ

સનરાઈઝ વિદ્યાલય મોડેલ શિક્ષણ અને અધ્યયનને અનુકૂલિત કરવા અને બાળકોના સર્વાંગી વિકાસ અને સુખાકારીને સરળ બનાવવાની શાળાની પ્રતિબદ્ધતાને રજૂ કરે છે. તેના અભ્યાસક્રમ દ્વારા ઉત્તેજક, સર્જનાત્મક, સલામત અને બાળ-કેન્દ્રિત વાતાવરણ મળે છે, અમે શીખનારને અન્વેષણ કરવા સક્ષમ કરીએ છીએ. બૌદ્ધિક, સામાજિક, ભાવનાત્મક અને શારીરિક વિકાસને સમાવિષ્ટ શ્રેષ્ઠતાના બહુવિધ પરિણામો માટે વર્ગખંડની બહાર શૈક્ષણિક કઠોરતા અને જોડાણો પર સમાન ભાર મૂકવામાં આવે છે.

શાળાના માગદર્શક નિવેદનો એ હકીકતો પર આધાર રાખે છે કે પોતાની સંસ્કૃતિનું પાલન કરવું અને અન્ય લોકોનો આદર કરવો, તેમજ મૂલ્યો આધારિત શિક્ષણ, સર્વગ્રાહી શિક્ષણ માટે નિર્ણાયક છે. શાળાના શૈક્ષણિક કાર્યક્રમો શીખનારમાં સાત મુખ્ય વિશેષતાઓ કેળવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે : કૌશલ્યની રૂચિ વિકસાવવી, શિસ્ત, સર્જનાત્મકતાને પ્રોત્સાહિત કરવી, સંબંધોલક્ષી શાળાનું વાતાવરણ, સકારાત્મક વલણ પ્રદાન કરવું, સતત શિક્ષણને પ્રોત્સાહન આપવું, શિક્ષણમાં શ્રેષ્ઠતા.

**અમારા અભ્યાસક્રમ મોડેલના તમામ ઘટકો શ્રેષ્ઠ પરિણામ લાવવા માટે ઉત્તમ સાબિત થાય છે.**

## શીખવું અને શીખવવું

અમારો સ્ટાફ અમારા વિદ્યાર્થીઓ માટે શ્રેષ્ઠ શક્ય શિક્ષણ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે. અમે તમામ વિદ્યાર્થીઓની સુષુપ્ત શકિતને ખીલવવાની અને શીખવાનાં અનુભવોની ખાતરી આપીએ છીએ. સ્ટાફ આ સામાન્ય અભિગમમાં એકરૂપ છે અને સતત ચાલતી નૈતિકતા સ્થાપિત કરવા માટે સખત મહેનત કરે છે.

## અમારી શાળામાં ધ્યાનમાં લેવામાં આવતા કૌશલ્યો

- અસરકારક આયોજન જે તમામ વિદ્યાર્થીઓની શીખવાની જરૂરિયાતોને ધ્યાનમાં લે છે.
- અસરકારક શિક્ષણ જે તમામ વિદ્યાર્થીઓને તેમના શ્રેષ્ઠ કાર્યને હાંસલ કરવા માટે પ્રોત્સાહન અને પ્રેરણા આપે છે.
- વિદ્યાર્થીઓ માટે પડકારરૂપ શિક્ષણ અનુભવની વિશાળ શ્રેણીમાં જોડાવવા માટે સંબંધિત તકો.
- તમામ વિદ્યાર્થીઓના અભ્યાસમાં સાતત્ય અને પ્રગતિ.

# સર્વગ્રાહી વિકાસ

બાળકોના શારીરિક, ભાવનાત્મક, બૌદ્ધિક, સર્જનાત્મક, આધ્યાત્મિક અને સામાજિક સુખાકારી માટે અને તેમના તેમજ તમામ આસપાસના વ્યકિતઓના વિકાસ માટે શિક્ષણ અને શિક્ષણનો સર્વગ્રાહી અભિગમ મહત્વપૂર્ણ છે. સનરાઈઝ વિદ્યાલયમાં અમે વર્ગખંડની બહાર તેમજ અમારી શાળાના મૂલ્યોની અને વિશેષતાઓને પ્રોત્સાહન આપીએ છીએ.

અમે સતત સુનિશ્ચિત કરીએ છીએ કે અધ્યાપન અને અધ્યયનના સર્વગ્રાહી અભિગમો બહુવિધ રીતે પ્રાપ્ત થાય છે - અભ્યાસક્રમની ચાલુ સમીક્ષા, નવા વિષયોનો પરિચય, રમત-ગમત અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓની વ્યાપકતા અને માળખાકીય સુવિધાઓ અને સંસાધનોના નિયમિત સુધારાઓ.

વર્ગખંડમાં, વિદ્યાર્થીઓ આદર્શ બાળકની ભૂમિકા ભજવે છે, નાની સ્થિતિઓ અને તાત્કાલિક ચર્ચાઓ દ્વારા તેમનું કાર્ય રજૂ કરે છે. વિદ્યાર્થીઓના લાંબા ગાળાના જ્ઞાન માટે પાઠ વ્યવહારિક રીતે સમજાવવામાં આવે છે. વર્ગખંડની પ્રવૃત્તિઓ સિવાય વિદ્યાર્થીઓને કરાટે, નૃત્ય, યોગા અને ધ્યાન, સ્કેટિંગ, ચેસ અને બીજી ઘણી બાબતોનો અનુભવ થાય છે. સામુદાયિક સેવા બાળકોને ઓછા વિશેષાધિકૃત લોકો દ્વારા સામનો કરવામાં આવતા પડકારોને સમજવા માટે પ્રોત્સાહિત કરે છે અને તેમને દયાળુ બનાવવાના મહત્વ પ્રત્યે સંવેદનશીલ બનાવે છે.










# પ્રવૃત્તિઓ અને સ્પર્ધા



## યોગા

યોગા એ એક ધ્યેય પ્રાપ્ત કરવા માટે ઉપયોગમાં લેવાતી શિસ્ત પદ્ધતિ છે. શિક્ષણની સાથે અમારા વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને અમે તમામ વિદ્યાર્થીઓ માટે યોગાના વર્ગો શરૂ કર્યા છે. જેના દ્વારા તેઓ માનસિક અને શારીરિક રીતે મજબૂત બને છે.



## ડાન્સ (નૃત્ય)

આપણી પરંપરાને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓને નિયમિત ડાન્સ પ્રેક્ટિસ કરાવીએ છીએ, અમે ડાન્સ સ્પર્ધાઓનું આયોજન કરીએ છીએ અને અમારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે અમે ઈનામ વિતરણ દ્વારા તેમને પ્રોત્સાહિત કરીએ છીએ.



## કરાટે

સ્વ-સુરક્ષાના વિકલ્પ તરીકે અમે અમારા વિદ્યાર્થીઓને કરાટે શીખવીએ છીએ. કરાટે પંચિંગ, કિકીંગ, Knee સ્ટ્રાઈક, એલ્બો સ્ટ્રાઈક અને ઓપન હેન્ડ ટેક્નિક જેમ કે નાઈફ હેન્ડ્સ, સ્પીયર હેન્ડ અને પામ હીલ સ્ટ્રાઈકનો ઉપયોગ કરીને પ્રહાર કરે છે.

# પ્રવૃત્તિઓ અને સ્પર્ધા



## સ્કેટિંગ

સ્કેટિંગ એ મોટાભાગના બાળકોની મનપસંદ પ્રવૃત્તિ છે. તેથી અમારી પાસે તમામ વિદ્યાર્થીઓ માટે સ્કેટિંગ કલાસ છે. તમામ વિદ્યાર્થીઓ સક્રિયપણે ભાગ લે છે અને તેઓને વિવિધ સ્પર્ધાઓ માટે મોકલવામાં આવે છે અને મેડલ હાંસલ કરે છે.

## ચેસ

તે સમસ્યાનું નિરાકરણ, કુશળતા, આયોજન, વિચારનું ધ્યાન અને સ્વયં-શિસ્તના વિકાસમાં મદદ કરે છે. ચેસ એ સ્પર્ધાત્મક પ્રવૃત્તિ છે, તે સારી ખેલદિલી અને રમતને રમતનો આવશ્યક ઘટક તરીકેનો વિકાસ કરે છે.





## એસેમ્બલી

શાળા એસેમ્બલી શાળાની પ્રવૃત્તિઓને સ્પષ્ટ કરે છે અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને કાર્યક્રમનું આયોજન કરે છે. તે શાળાની કાર્ય કરવાની રીતને સરળ બનાવે છે. તે વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સંપૂર્ણ અને સક્રિય ભાગીદારી સાથે હાથ ધરવામાં આવે છે. જે શાળાની પ્રવૃત્તિઓ અને સંસ્કૃતિના વિવિધ પાસાઓ પર ઘણો પ્રકાશ પાડે છે.

# પ્રવૃત્તિઓ અને સ્પર્ધા

## વાર્ષિક રમતગમત દિવસ

અમે દર વર્ષે વાર્ષિક સ્પોર્ટ્સ ડે ઉજવીએ છીએ. વિવિધ પ્રકારની રમત-ગમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે, જેમ કે દોડ, ચેસ, ખો-ખો, સ્લો સાયકલીંગ, કોથળા કૂદ, સંગીત ખુરશી વગેરે રમતો વર્ગ સ્તર અનુસાર ગોઠવવામાં આવે છે. ગર્લ્સ માટે સ્કિપિંગ, લીંબુ-ચમચી, ખો-ખો વગેરે અને છોકરાઓ માટે ક્રિકેટ, વૉલીબોલ વગેરે જેવી ખાસ રમતોનું આયોજન કરવામાં આવે છે અને તમામ રમત બાદ ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરીએ છીએ તેમજ ઈનામ વિજેતા વિદ્યાર્થીઓના માતા-પિતાની પ્રશંસા કરીએ છીએ અને પ્રોત્સાહિત કરીએ છીએ.





## રંગ સ્પર્ધા

બાળકોને ચિત્ર અને કલર કરવાનું પસંદ કરાવવાનો આ મજાનો સમય છે, આને ધ્યાનમાં રાખીને અમે દર વર્ષે અમારા વિદ્યાર્થીઓ માટે રંગ સ્પર્ધાઓનું આયોજન કરીએ છીએ, તેથી અમારા વિદ્યાર્થીઓની પ્રતિભા જોઈને અમને ખૂબ આનંદ થાય છે અને તેથી અમે તેમને ગોલ્ડ, સિલ્વર, બ્રોન્ઝ મેડલ અને પ્રમાણપત્રો આપીને તેમની પ્રતિભાની પ્રશંસા કરીએ છીએ.

## ચર્ચા સ્પર્ધા

આધુનિક વિશ્વ માટે વાત કરવાની કુશળતા ખૂબ જ જરૂરી છે, તેના આધારે અમે વિદ્યાર્થીઓ વચ્ચે નિયમિત ચર્ચા સ્પર્ધાનું આયોજન કરીએ છીએ, જેમાં તેઓ ઘણી માહિતી એકત્રિત કરે છે અને વાત કરવાની કુશળતામાં શિક્ષકો દ્વારા સુધારો કરવામાં આવે છે.



# પ્રવૃત્તિઓ અને સ્પર્ધા



## શૈક્ષણિક સ્પર્ધા

વર્તમાન પેઢીની જરૂરિયાત અને ઝડપને જોતા, અમે નિયમિતપણે વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રકારની શૈક્ષણિક સ્પર્ધાઓ (ગણિત, અંગ્રેજી, General Knowledge, Quiz Competition) વગેરે જેવી સ્પર્ધા યોજીએ છીએ, જેથી કરીને તેઓ મજાની રીતે શીખે અને જીતવાની ભાવના સાથે અમે સફળતાનું મહત્વ સમજાવીએ છીએ.

## રંગોળી સ્પર્ધા

સનરાઈઝ વિદ્યાલય હંમેશા તેના વિદ્યાર્થીઓ માટે વિચારે છે. અમે અમારા વિદ્યાર્થીઓ માટે ઘણી બધી સ્પર્ધાઓ ગોઠવીએ છીએ, રંગોળી સ્પર્ધા તેમાંથી એક છે, આ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારની રંગોળી ડિઝાઈન કરે છે, જે ખૂબ જ રંગીન લાગે છે અને અમે ઈનામો આપીને તેમની પ્રશંસા કરીએ છીએ.





## કાર્ડ બનાવવાની પ્રવૃત્તિ

'કાર્ડ બનાવવાની પ્રવૃત્તિ' તમારી પાસે હોય તેવા વિવિધ પ્રકારના કાગળો અને અન્ય કલા સામગ્રીનો ઉપયોગ કરીને કરવામાં આવે છે. કલા જે તણાવને દૂર કરે છે કોઈ પણ પ્રવૃત્તિ શોખનું આરામદાયક સ્વરૂપ પ્રદાન કરે છે. તદુપરાંત, કલા આત્માને શાંતિની લાગણી આપે છે. 'ક્રિએટિવ ક્રાફ્ટિંગ' તમારા મનને જે તમને "પરેશાન" કરે છે તેનાથી દૂર કરે છે. પરિણામે તમે તમારી જાતને વધુ સકારાત્મક રીતે વ્યક્ત કરો છો. કાર્ડ વડે કલા સર્જનમાં ચિત્રકામ અથવા વિવિધ શણગારનો ઉપયોગ સામેલ કરી તેને અદ્ભુત રીતે રજુ કરવામાં આવે છે.

# પ્રવૃત્તિઓ અને સ્પર્ધા

## ફળ દિવસ

અમે આ વર્ષે નિયમિત આહારમાં ફળોના સેવનના મહત્વ વિશે બાળકોમાં જાગૃતિ લાવવાના ઉદ્દેશ્ય સાથે ફળ દિવસની ઉજવણી કરી હતી. જેમાં નર્સરી થી ધોરણ ૨ ના બાળકોએ ફ્રુટ ડ્રેસ / ચાર્ટ દ્વારા તેમની પસંદગીના ફળોનું પ્રતિનિધિત્વ કરી તેમના સાથીઓ અને શિક્ષકોની સાથે ખૂબ જ ઉત્સાહથી અને જોશ સાથે ભાગ લઈ આનંદની ક્ષણો માણી હતી.





## સ્વતંત્રતા દિવસ

સનરાઈઝ વિદ્યાલયમાં અમે દર વર્ષે ૧૫ મી ઓગષ્ટે સ્વતંત્રતા દિવસની ઉજવણી કરીએ છીએ. મુખ્ય મહેમાન અને શિક્ષકો સ્વતંત્રતા દિવસના મહત્વ અને ૧૫ મી ઓગષ્ટ ૧૯૪૭ ના રોજ આપણું રાષ્ટ્ર કેવી રીતે સ્વતંત્ર રાષ્ટ્ર બન્યું ? તેના પ્રસંગોને વક્તવ્ય સ્વરૂપે રજુ કરીએ છીએ.

## પ્રજાસત્તાક દિવસ

સનરાઈઝ વિદ્યાલયમાં આપણા ભારતીય પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરી આપણા દેશ માટે બલિદાન આપનાર શહીદોને યાદ કરવામાં આવે છે, અમને સુરક્ષિત દેશ આપવા બદલ તેમનો આભાર માની, એકત્રિત થાઓ, રાષ્ટ્રની તાકાત બનો અને આ પ્રજાસત્તાક દિવસની સૌથી મોટી શુભેચ્છાઓ લોકો સુધી પહોચાડવામાં મદદ કરો.



# પ્રવૃત્તિઓ અને સ્પર્ધા



## ક્રિસમસ ડે

અમે દર વર્ષે ૨૫મી ડિસેમ્બરે ઈસુ ખ્રિસ્તનો જન્મદિવસ ઉજવીએ છીએ, વિદ્યાર્થીઓ નાતાલના દિવસે વક્તવ્ય આપે છે અને વિદ્યાર્થીઓ દ્વારા નાતાલના કાર્યક્રમો કરવામાં આવે છે. બધા વિદ્યાર્થીઓ માટે શ્રેષ્ઠ ભાગ એ છે કે જયારે સાન્તાક્લોઝ પ્રવેશે છે, ત્યારે વિદ્યાર્થીઓ આનંદથી કૂદે છે.

## શિક્ષક દિવસ

ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિની યાદમાં ૫ મી સપ્ટેમ્બરે શિક્ષક દિવસ ઉજવવામાં આવે છે. શિક્ષક દિવસ વિદ્યાર્થીઓ માટે મહત્વપૂર્ણ છે કારણ કે તે તેમને યોગ્ય શિક્ષણ મળે તે સુનિશ્ચિત કરવા માટે તેમના શિક્ષકો દ્વારા કરવામાં આવેલા પ્રયત્નોને સમજવાની તક આપે છે.





## જન્માષ્ટમી

મધ કરતાં મીઠી, દહીં કરતાં સ્વાદિષ્ટ, ખરેખર કોઈ પણ સુખ અને આનંદ કરતાં સુખદ સંગ, એ કૃષ્ણ નામની શકિત છે. ભગવાન કૃષ્ણનો જન્મદિવસ ખૂબ જ ભકિત અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવે છે. કૃષ્ણ જન્માષ્ટમી, જેને કૃષ્ણ અષ્ટમી તરીકે પણ ઓળખવામાં આવે છે, તે અષ્ટમી તિથિના રોજ મનાવવામાં આવે છે, જે શ્રાવણ મહિનાની કૃષ્ણ પક્ષની આઠમના દિવસે આવે છે. ભગવાન કૃષ્ણ વિશ્વભરમાં જાણીતા છે. તેમની બાળ લીલાઓ નાનાં-નાનાં ભૂલકાઓ દ્વારા રજુ કરવામાં આવે છે.

## વાર્ષિક દિવસની ઉજવણી

વાર્ષિક દિવસ એ ઉજવણીની ક્ષણ છે જ્યાં દરેક બાળકને સ્ટેજ પર ભાગ લેવાની તક મળે છે. તે એક આનંદદાયક પ્રસંગ છે, જેની આપણે બધા આતુરતાથી રાહ જોઈએ છીએ. આ સમગ્ર વર્ષ દરમિયાનની સિદ્ધિની પ્રશંસા કરવાનો દિવસ છે. સંસ્થાનો ઉદ્દેશ્ય માત્ર એકેડેમિકસમાં ઉત્કૃષ્ટ થવાનો નથી પણ વિદ્યાર્થીઓને તમામ પરિસ્થિતિઓમાં ઉત્કૃષ્ટ કાર્ય કરી શકે તેવું એક પ્લેટફોર્મ પુરું પાડવાનું પણ છે.














## આનંદ મેળો

અમારી સંસ્થાનો હેતુ બાળકના સર્વાંગી વિકાસનો છે. તે શાળાના પરિસરમાં અદ્ભુત આનંદ મેળાનું આયોજન કરીને રસ અથવા ઉત્કૃષ્ટ કૌશલ્ય વિદ્યાર્થીઓમાં દાખલ કરે છે. ગેમ્સ-શો નું આયોજન કરીને શાળા દરેક બાળકની સર્જનાત્મક કૌશલ્યને ઉજાગર કરે છે. શિક્ષકો તેમજ વાલીઓ શો નો આનંદ માણે છે. વાલીઓ, શિક્ષકો, નોન ટીચિંગ સ્ટાફ અને વિદ્યાર્થીઓ મેળામાં ભાગ લે છે. અમારી પાસે ગુજરાતી, મહારાષ્ટ્રીયન, રાજસ્થાની અને દક્ષિણ ભારતની વિવિધ અને સ્વાદિષ્ટ વાનગીઓના લગભગ ૧૨૦ થી વધુ સ્ટોલ હોય છે. શાળાનો મુખ્ય ઉદ્દેશ્ય એકતા, રાષ્ટ્રીય એકતા અને સંસ્કૃતિઓને સાથે લાવવાનો છે. અમારા વિદ્યાર્થીઓ મેળામાં સારું જ્ઞાન અને રકમ એકત્રિત કરે છે. અમારા વિદ્યાર્થીઓ હંમેશા વિવિધ પ્રકારની વાનગીઓ તૈયાર કરવામાં ખૂબ જ સક્રિય ભાગ લે છે, આમ અમે તેમને વ્યવસાય કેવી રીતે શરૂ કરવો અને તેને સફળ કેવી રીતે બનાવવો તે શીખવીએ છીએ. આ પણ આપણા શિક્ષણનો એક ભાગ છે.









# શૈક્ષણિક પ્રવૃત્તિઓ

- 'Good Touch' અને 'Bad Touch' વચ્ચેનો તફાવત સમજૂતીની પ્રવૃત્તિ.
- અંગ્રેજી, ગુજરાતી, હિન્દી જેવી ભાષાઓનું સમાચાર વાંચન અને આદર્શ વાંચન.
- 'Spell Bee' જેવી શૈક્ષણિક સ્પર્ધા થકી બાળકોમાં શબ્દ ભંડોળમાં વધારો.
- વિદ્યાર્થીઓની સર્જનાત્મક શકિતને ખીલવી શકાય તે માટેની વિશાળ અટલ લેબ.
- વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે ધ્યાન સેમિનાર.
- રાષ્ટ્ર અને રાજ્ય સ્તરે રમત-ગમત પ્રવૃત્તિઓ
- નિયમિત એકમ અનુસાર વર્કશીટ્સ.
- માતૃ-પિતૃ પૂજન અને પ્રેરક સેમિનાર.
- આરોગ્ય તપાસ.
- ઓલિમ્પિયાડ સ્પર્ધા.





**સનરાઈઝ વિદ્યાલયમાં વાર્ષિક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું**

સુરત: સનરાઈઝ વિદ્યાલયમાં વાર્ષિક ઉત્સવ (ઊર્જા)નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મનપાના શાસક પક્ષના નેતા અમિતસિંહ રાજપૂતને અતિથિ વિશેષ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. શાળાના એમ.ડી. સંજયભાઈ બલદાણીયાએ મુખ્ય મહેમાનોનું મોમેન્ટો અને પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યું હતું. સ્કૂલની ગુજરાતી માધ્યમની વિદ્યાર્થિની કલસરિયા જીજ્ઞા રાઘવભાઈએ ધો.10 બોર્ડમાં સુરતમાં પ્રથમ અને ગુજરાતમાં દ્વિતીય સ્થાન મેળવ્યું હતું. તેનું સન્માન અમિતસિંહ રાજપુત દ્વારા કરાયું હતું. કોર્પો. અલકા પાટીલ, વર્ષા બલદાણીયા, મનીષા આહિર અને મથુર બલદાણીયા દ્વારા એક્ટિવા ભેટ આપવામાં આવી હતી. મુખ્ય મહેમાન દ્વારા શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને ઈનામો આપી સન્માનિત કર્યા હતા. તેમણે શાળાના શિસ્ત અને પરીક્ષાના પરિણામોની પ્રશંસા કરી અને જીવનમાં નૈતિક મૂલ્યોના વિકાસ પર ભાર મૂક્યો હતો.

## અમે તમને આપીએ છીએ - શૈક્ષણિક સુવિધાઓ











- ઉચ્ચ ગુણવત્તાવાળો અને અનુભવી સ્ટાફ.
- ટેકનોલોજી અને મલ્ટીમીડિયાથી સુસજ્જ સ્માર્ટ ક્લાસરૂમ.
- સ્વચ્છ અને સુઘડ પાણીની વ્યવસ્થા.
- બાળકના રચનાત્મક અને સર્જનાત્મક વિકાસને ખીલવવા માટેની આકર્ષક ‘અટલ લેબ’
- શિક્ષણની સાથે ઈતર વાંચન માટે વિશાળ પુસ્તકોની શ્રેણી.
- વિદ્યાર્થીમાં રહેલ જોશ અને સાહસ વધે તે માટેના સ્કેટિંગ અને કરાટેના પૂરતા સાધનો.
- અંગ્રેજીમાં સંચાર કૌશલ્ય પર ભાર મૂકી શકાય તેવી પ્રવૃત્તિઓ.
- ૨૧ મી સદીમાં કમ્પ્યુટર જ્ઞાનથી પરિચિત કરવવા માટે વિશાળ લેબ.
- લેખન અને વાંચન કૌશલ્યમાં સુધારો લાવી શકાય તે માટે સમર કેમ્પની સુવિધા.
- તમામ વિષયો માટે સાપ્તાહિક કસોટી લેવામાં આવે છે. અને તેના પ્રોગ્રેસ રીપોર્ટ તમને મેસેજ દ્વારા મોકલવામાં આવે છે.
- તમામ વિષયો માટે જૂથ ચર્ચા હાથ ધરવામાં આવે છે.
- નબળા વિદ્યાર્થીઓ માટે વ્યકિતગત કાળજી લેવામાં આવે છે.
- શિક્ષકો PTM દ્વારા વાલીના સંપર્કમાં રહે છે.
- વિદ્યાર્થીઓ માટે પ્રેરક સેમિનાર યોજવામાં આવે છે.
- સીસીટીવી કેમેરા અને રેકોર્ડિંગ દ્વારા સતત નિરીક્ષણ.
- ISO 9001-2008 પ્રમાણિત ગુણવત્તાયુક્ત વ્યવસ્થાપન.
- દરેક વર્ગમાં મર્યાદિત સંખ્યા લેવામાં આવે છે.
- પ્રવૃત્તિઓ દ્વારા સરળ શૈક્ષણિક પદ્ધતિ હાથ ધરવામાં આવે છે.
- સલામત પરિવહન સુવિધા. (Van Facility)
- સારી રીતે સમજી શકાય તેવું સરળ અને સુગમ સંચાલન વ્યવસ્થા.
- સમયાંતરે શિક્ષકોને પણ શૈક્ષણિક સેમિનાર દ્વારા બદલાતા યુગનો આધુનિક શિક્ષણનું જ્ઞાન આપવામાં આવે છે.

# સનરાઈઝ ગ્રૂપ ઑફ સ્કૂલ

## ગોડાદરા શાખા
**સનરાઈઝ વિદ્યાલય**

લક્ષ્મીનારાયણ નગર સોસાયટી,
જોગણી માતાજી મંદિરની સામે,
૧૫૦ ફૂટ રોડ, ગોડાદરા, સુરત.
ફોન : ૯૮૭૯૦ ७६६६६

## ડિંડોલી શાખા
**સનરાઈઝ વિદ્યાલય**

રામી પાર્ક સોસાયટી, મહાદેવનગર સામે,
ગોડાદરા રેલ્વે બ્રીજ પાસે, ડિંડોલી,
સુરત. મો. ૯૮૨૪૧ ૧૩૩૧૧, ૯૮૭૯૩ ૪૬૬૬૬

## પાલ શાખા
**સેવન સ્ટેપ્સ પ્રિ-સ્કૂલ**

ગેલેક્સી ઈમ્પીરીયા,
ડિસ્ટ્રીક્ટ બેંક પાસે, પાલ રોડ,
સુરત. મો. ૯૯૦૪૪ ૧૯૩૩૩, ૯૮૭૯૧ ૪૬૬૬૬

## અડાજણ શાખા
**સેવન સ્ટેપ્સ સ્કૂલ**

રોયલ ટાઈટેનિયમની સામે,
પાલનપોર કેનાલ રોડ, અડાજણ, સુરત.
મો. ૯૮૭૯૬ ૨૬૬૬૬, ૯૮૭૯૬ ૩૬૬૬૬

## ડિંડોલી શાખા
**સેવન સ્ટેપ્સ પ્રિ-સ્કૂલ**

સેન્ટોસા એન્કલેવ, સાંઈ-દર્શન સોસાયટી પાસે,
ગોડાદરા રેલ્વે બ્રીજ પાસે, ડિંડોલી,
સુરત. મો. ૯૫૧૨૩ ૩૬૬૬૬, ૯૦૫૪૩ ૫૧૧૩૦

## પરવત પાટીયા શાખા
**સનરાઈઝ સ્કૂલ**

જલારામ સોસાયટી વિભાગ-૩,
મોડેલ ટાઉન રોડ, પરવત પાટીયા, સુરત.
ફોન : ૭૦૯૬૯ ૮૫૫૫૫

## પાલ શાખા
**સેવન સ્ટેપ્સ પ્રિ-સ્કૂલ**

બી-૧૮, જ્ઞાનસાગર રો-હાઉસ,
સી.એન.જી. પંપની પાછળ, નક્ષત્ર રેસીડેન્સીની સામે,
પાલ રોડ, સુરત. મો. ૭૦૪૩૦ ૬૬૭૬૮

## ડભોલી શાખા
**સેવન સ્ટેપ્સ પ્રિ-સ્કૂલ**

૧૬, વિરામનગર સોસાયટી,
હેની હાઈટ્સ બિલ્ડીંગની સામે, ડભોલી, સુરત.
ફોન : ૭૫૭૪૯ ૪૯૪૯૫, ૯૮૭૯૭ ૪૭૬૬૯

## વેસુ શાખા
**સેવનહાઈ પ્રિ-સ્કૂલ**

કૃષ્ણધામ સોસાયટી, મંગલમ પાર્ક સામે,
પ્રગતિ નગર પાસે, વેસુ-પીપલોદ રોડ, સુરત.
મો. ૯૮૭૯૪ ૭૬૬૬૬